No. of Printed Pages : 4

**BGULA-135**

# B.A. GENERAL (BAG)

# Term-End Examination

# December, 2022

## BGULA-135 : MODERN INDIAN LANGUAGE — GUJARATI

*Time : 3 hours* *Maximum Marks : 100*

---

*બધા સવાલો જરૂરી છે.*

---

**1.** ભારત-યુરોપીય ભાષાકુળનો પરિચય આપી ભારતીય-આર્યની ત્રણ ભૂમિકા વિશે લખો. *10*

**2.** નીચેનામાંથી કોઈ *બે* વિશે લખો. *10*

(a) મીરાંનાં પદો

(b) અખાના છપ્પા

(c) બ.ક. ઠાનાં સોનેટ

**3.** નીચેનામાંથી કોઈ *બે* વિશે લખો. *10*

(a) ગાંધીયુગનાં લક્ષણો

(b) કલાપીની કવિતા

(c) રા.વિ. પાઠકનું વિવેચન

**4.** નીચેનામાંથી કોઈ *બે* વિશે લખો. *10*

(a) ગુજરાતીમાં પૂર્વપ્રત્યયો

(b) સાદુ, સંયુક્ત અને સંકુલ વાક્યોને સમજાવો

(c) પંડિતયુગના એક સર્જક (ગમે તે)

**5.** નીચેનામાંથી કોઈ ***એક*** નિબંધ લખો. *10*

(a) મોબાઈલના લાભાલાભ

(b) પરિશ્રમ એ જ પારસમણિ

(c) દીકરી, વ્હાલનો દરિયો

**6.** તમારા વિસ્તારની કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપકની જગ્યાની જાહેરાતના સંદર્ભમાં તમે તમારી ઉમેદવારી નોંધાવતી અરજી કરો. *5*

**7.** નીચેના ગદ્યખંડનો સંક્ષેપ કરો. *5*

કલાકાર બનવું, લેખક બનવું એ કાંઈ નાની સૂની વાત નથી – જવાબદારી નથી. ખાસ કરીને અત્યારના સમયની વૈષમ્ય ભરી સ્થિતિમાં આપણો યુગ, જેને ચિંતાયુગ તરીકે ઓળખવામાં આવે છે. મનુષ્યને શીર્ણ-વિશીર્ણ થઈ જવાનો ભય લાગે છે. વિજ્ઞાન અને યાંત્રિકતા, સભ્યતા અને સંસ્કૃતિને નુકસાન પહોંચાડે છે. યંત્રશાસિત સમાજ વૈયક્તિકતાને ભૂંસવા કરે છે. વ્યક્તિત્વ નો લોપ થઈ જવામાં છે, સમૂહ વિચારક્રાંતિનાં સાધનો બૌધ્ધિક જીવનના ટુકડે ટુકડા કરી રહ્યાં છે માણસ બર્બર બનતો જાય છે. દેખીતી રીતે ને કલાના મંચ ઉપર અને જીવન વિશેની માહિતી ઉપર જીવે છે, પણ તે ભાન ભૂલ્યો છે. જ્ઞાન અને સૌંદર્ય નો તે ખોટી રીતે ઉપાસક બનતો જાય છે.

8. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (ગમે તે પાંચ). *10*

(a) ગુજરાતીના સ્પર્શ વ્યંજનો ના પ્રકારો કેટલા ? કયા કયા ?

(b) લાભશંકર ઠાકરની બે સર્જનાત્મક કૃતિ લખો.

(c) મુનશીની નવલકથાનાં ત્રણ નામ આપો.

(d) ગાંધીજીનાં ત્રણ પુસ્તકોનાં નામ આપો.

(e) ગુજરાતી લોકસાહિત્ય ક્ષેત્રે જાણીતાં ત્રણ નામ આપો.

(f) ગુજરાતીમાં વપરાતાં લિપિચિહ્નો.

9. જોડકાં જોડો. *5*

| | I | | II |
|---|---|---|---|
| (a) | ચં.ચી. મહેતા | (i) | બાપાની પીંપર |
| (b) | શિરીષ પંચાલ | (ii) | ફેરો |
| (c) | દલપતરામ | (iii) | હિમાલયનો પ્રવાસ |
| (d) | રાધેશ્યામ શર્મા | (iv) | વાત આપણા વિવેચનની |
| (e) | કાલેલકર | (v) | આગગાડી |

**10.** નીચેનામાંથી કોઈ ***પાંચ*** ના ઉત્તર આપો : *25*

(a) 'વૈષ્ણવ જન' કાવ્યનો આસ્વાદ કરો.

(b) 'જય ! જય ! ગરવી ગુજરાત' માં કવિનો વતનપ્રેમ આલેખો.

(c) 'પોસ્ટ ઑફિસ' વાર્તાનું શીર્ષક ચકાશો.

(d) 'બારણે ટકોરા' એકાંકીમાં સંવાદકલા વિશે લખો.

(e) 'ઘર' સાથે લેખકનાં કેવાં સ્મરણો આલેખિત થયા છે તેની ચર્ચા કરો.

(f) 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાના પ્રકરણમાં નારીની કઈ સમસ્યા પ્રગટ થઈ છે ?

(g) અખાના અનુગામી જ્ઞાનમાર્ગી કવિઓનું નામ અને કામ જણાવો.